મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો- ગુજરાત
રાજ્ય સેવા (પગાર સુધારણા) ૧૯૮૭ હેઠળના
પગારધોરણ ઉપર

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૮-ઓ- ૨૭૩ - ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬/૮/૨૦૧૯

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૯૮-૯-મ,
તા. ૨૦/૧/૧૯૯૮
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯-૧૩- પે સેલ (મ)
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૬-ઓ-૬૪૪-ચ
તા. ૧૮/૭/૨૦૧૬

// ઠરાવ //

નાણા વિભાગના તા. ૧૮/૭/૨૦૧૬ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) ૧૯૮૭ હેઠળના પગારધોરણ મુજબના પગાર ઉપર છેલ્લે તા. ૧/૧/૨૦૧૬ થી મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧/૭/૨૦૧૭ ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો – ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબ મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ અને ૨૦૦૯ ના ધોરણો મુજબ પગારધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૮૭ હેઠળના પગારધોરણમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા. ૧/૭/૨૦૧૬ તેમજ તા. ૧/૧/૨૦૧૭ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે આથી નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

## મોંઘવારી ભથ્થાના માસિક દર

| અમલની તારીખ | રૂ. ૩૫૦૦/- સુધીના મૂળ પગાર ઉપર | રૂ. ૩૫૦૧/- થી રૂ. ૬,૦૦૦/- સુધીના મૂળ પગાર ઉપર | રૂ. ૬,૦૦૦/- થી વધુ મૂળ પગાર ઉપર |
|---|---|---|---|
| તા. ૧/૭/૨૦૧૬ | ૯૧૦% | ૬૮૨% પરંતુ ઓછામાં ઓછુ રૂ. ૩૧,૮૧૫/- | ૫૯૧% પરંતુ ઓછામાં ઓછુ રૂ. ૪૦,૯૦૬/- |
| તા. ૧/૧/૨૦૧૭ | ૯૩૦% | ૬૯૭% પરંતુ ઓછામાં ઓછુ રૂ. ૩૨,૫૧૫/- | ૬૦૪% પરંતુ ઓછામાં ઓછુ રૂ. ૪૧૮૦૬/- |

જે કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮ તેમજ ૨૦૦૯ લાગુ પાડવામાં આવેલ છે પરંતુ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૮૭ હેઠળના પગારધોરણમાં ચાલુ રહેવાનો વિકલ્પ આપેલ છે તેવા કર્મચારીઓને વંચાણે લીધેલ ઠરાવ ક્ર. ૧ આગળ દર્શાવેલ નાણા વિભાગના તા. ૨૦/૧/૧૯૯૮ ના ઠરાવના ફકરા નં. ૩ મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે.

આ લાભ જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા માન્ય ભરતી પધ્ધતિથી અને તેના નીતિ નિયમો હેઠળ ભરતી પામેલા હોય તેવાજ કર્મચારીઓને મળી શકશે.

નગરપાલિકાને સંબંધ છે ત્યાં સુધી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩/૯/૨૦૧૦ અને તા. ૧૬/૯/૨૦૧૦ ના અને ત્યારબાદના વખતોવખત અમલમાં આવેલ વહીવટી ખર્ચ પરના નિયંત્રણોને આધિન આ લાભ આપી શકાશે.

આ હુકમો અન્વયે મળવાપાત્ર તફાવતની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

નાણા વિભાગના તા. ૧/૬/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર/૧૦૮૭/૩/મ ની શરતો પૈકીની ક્રમાં ૫ થી ૮ આગળની મોંઘવારી ભથ્થુ મંજૂર કરવા અંગેની શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ:-

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીના વડાઓ.

સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના જાહેર સાહસો

એકાઉન્ટન્ટ જનરશ્રી(ઓડીટ/એ. એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.

સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા